## વડીલોને વંદન અભિનંદન



ડૉ. ચંદુભાઈ એમ. પટેલ
(૧૯૪૩) ૨૩૨૪૫૭૫૯

## ગાંધીનગર કોંગ્રેસના ૨૧મીએ ધરણા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી કે. પી. સોલંકીએ જણાવ્યુંછે કે, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલની આગેવાની હેઠળ ગુજરાતમાં નરેન્દ્ર મોદીની ભ્રષ્ટાચારી સરકારમાં મંત્રી શ્રી બાબુ બોખીરીયાએ રૂ. ૫૪ કરોડની ખનીજ ચોરીમાં ત્રણ વર્ષની જેલની સજા અને રૂ. ૫૦૦૦નો દંડ નામદાર કોર્ટે કરેલ છે તેવા ભારત દેશમાં જો કોઈ ચાલુ મંત્રીશ્રીને ત્રણ વર્ષની સજા થયેલ હોય તેવા કિસ્સામાં રાજીનામું ન આપીને ગુજરાતને કલંકિત કરેલ છે તથા મંત્રીમંડળના અન્ય બાકીના સભ્યોના આરોપોની તપાસ કરવા માટે લોકાયુક્તની તાત્કાલીક નિમણૂક કરવા માટે મુખ્યમંત્રીશ્રી ત્વરિત કાર્યવાહી કરે તે માટે ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા આગામી તા. ૨૧-૬-૨૦૧૩ના રોજ સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦, ઘ-૩ પથિકાશ્રમ સર્કલ, સત્યાગ્રહ છાવણી પાસે ધરણાં તથા સૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

## ઉમેદપુરાની એચ.આર. ગારડી શાળાનું ગૌરવ

ઈડર તાલુકાના ઉમેદપુરા ગામે આવેલી અને નવ જાગૃતિ યુવક મંડળ સંચાલિત એચ.આર. ગારડી શાળાનું ધોરણ-૧૦નું પરિણામ ૯૧ ટકા આવ્યું છે. ચાલુ વર્ષે લેવાયેલી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં એચ.આર. ગારડી શાળાના વિદ્યાર્થી તુષાર પટેલે ૯૦.૫૦ ટકા મેળવી પ્રથમ ક્રમે આવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. જ્યારે બાર વિદ્યાર્થીઓએ ૮૦ ટકા ઉપર અને ત્રેવીસ વિદ્યાર્થીઓએ ૭૦ ટકા ઉપર ગુણ મેળવ્યા હતા અને શાળા તેમજ ગામમાં નામ રોશન કર્યું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ પ્રમુખ કાન્તીભાઈ પટેલ, આચાર્ય સુરેશભાઈ પટેલ સહિત અગ્રણીઓ, શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાતનો પૂરગ્રસ્ત ઉત્તરાખંડને બે કરોડની સહાય આપવા નિર્ણય

### ગુજરાતનું આપત્તિ વ્યવસ્થાપન ઉત્તરાખંડ પ્રશાસન સાથે સંપર્કમાં : ગુજરાતના યાત્રીઓની માહિતી મેળવવા હેલ્પલાઈન શરૂ કરાઈ : ખાસ ટ્રેનની વ્યવસ્થા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સરકારે વિનાશક મેઘ તાંડવની કુદરતી આપત્તિનો ભોગ બનેલા ઉત્તરાખંડને બે કરોડની સહાય આપવાનો આજે નિર્ણય કર્યો હતો આ ઉપરાંત ગુજરાત સરકારના અધિકારીઓની ટીમ ઉત્તરાખંડ જશે. ગુજરાતનું આપત્તિ વ્યવસ્થાપન તંત્ર ઉત્તરાખંડ સાથે સતત સંપર્કમાં છે. ગુજરાતના યાત્રીઓને પરત લાવવા ખાસ ટ્રેનની વ્યવસ્થાના પ્રયાસો પણ હાથ ધરાયા છે. શ્રદ્ધાળુઓની માહિતી મેળવવા માટે હેલ્પલાઈનની શરૂઆત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને આજે મળેલી ગુજરાત રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તરાખંડમાં વિનાશક મેઘતાંડવ અને પૂરની તારાજીનો ભોગ બનેલા આપત્તિગ્રસ્ત યાત્રિકો અને નાગરિકોની પડખે ગુજરાત સરકાર અને જનતા સંપૂર્ણ માનવીય સંવેદનાથી પડખે ઊભી રહી છે અને ગુજરાત સરકારનું આપત્તિ વ્યવસ્થાપન તંત્ર ઉત્તરાખંડ પ્રશાસનને જરૂરી તમામ મદદ કરવા તત્પર છે એવી લાગણી સાથે કુદરતી આફતમાં મૃત્યુ પામેલ નાગરિકો પ્રત્યે શોક કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો અને મૃત્યુ પામેલા નાગરિકોના શોકમાં બે મિનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. ગુજરાત સરકારના પ્રવક્તા નાણાં મંત્રી નીતિન પટેલે અને ઊર્જા મંત્રી સૌરભ પટેલે મંત્રીમંડળની આ બેઠકની માહિતી આપતાં જણાવ્યું કે ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણા સાથે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સવારે ટેલીફોન ઉપર સંપર્ક સાધીને, કુદરતી આપત્તિમાં તત્કાલ બચાવ અને રાહતની કામગીરીની વિગતવાર જાણકારી મેળવી હતી અને વિશેષ કરીને ગુજરાતના યાત્રિક પરિવારોની સુરક્ષા તથા સારસંભાળ માટે ઉત્તરાખંડ પ્રશાસન અને ગુજરાત સરકારના આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે સતત સંકલન અને સંપર્કની વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવી હતી. ગુજરાત સરકારે માનવીય સંવેદના વ્યક્ત કરી અસરગ્રસ્તોને મદદરૂપ થવા રૂ. બે કરોડની તાત્કાલીક સહાય મુખ્યમંત્રીના રાહત નિધીમાંથી ઉત્તરાખંડ સરકારને ફાળવી આપવાની મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે અને ગુજરાત સરકારના આપત્તિ વ્યવસ્થાપન સત્તાતંત્રની રાહબરીમાં રાજ્યના અધિકારીઓની ટીમ, આપત્તિગ્રસ્તોના બચાવ રાહતની કામગીરી તેમજ ગુજરાતના યાત્રિકોની સારસંભાળ અને તેમને પરત લાવવા માટેના પ્રયાસો માટે મોકલવામાં આવી રહી છે એમ પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું હતું. નીતિન પટેલ અને સૌરભ પટેલે જણાવ્યું કે ઉત્તરાખંડમાં અટવાઈ ગયેલા યાત્રિક પરિવારોને પરત લાવવા માટે ખાસ રેલ્વે ટ્રેઈનની પરિવહન વ્યવસ્થા કરવા માટેના પ્રયાસો રાજ્ય સરકારે હાથ ધર્યા છે. ગુજરાતના દરેક જિલ્લામાંથી ઉત્તરાખંડના પ્રવાસે ગયેલા યાત્રિકોની વિગતો જિલ્લા કલેક્ટરો દ્વારા એકત્ર કરવામાં આવી રહી છે. રાજ્ય સરકારના રાહત કમિશનર પણ જૂદી જૂદી ટ્રાવેલ એજન્સીઓના સંપર્કમાં છે. રાજ્ય સરકારે યાત્રિકો વિશે જાણકારી મેળવવા ઈચ્છતા લોકો માટે ફોન નંબર ૦૭૯-૨૩૨૫૧૯૦૨ થી હેલ્પલાઈન શરૂ કરી દીદી છે.

## હરિદ્વાર-દિલ્હીથી વિશેષ ટ્રેન દોડાવવા રેલ મંત્રીને અનુરોધ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય રેલ્વે મંત્રી મલ્લિકાર્જૂન ખરર્ગેને તાકીદનો પત્ર પાઠવીને ઉત્તરાખંડની કુદરતી આપત્તિનો ભોગ બનેલા ગુજરાતના યાત્રિકો અને પરિવારોને પરત આવવા માટે હરિદ્વાર, દહેરાદૂન અને દિલ્હીથી આવતી ટ્રેનોમાં ખાસ વધારાના રેલ્વે કોચ જોડવા તથા સ્પેશિયલ ટ્રેનોની તત્કાલ વ્યવસ્થા કરવા આગ્રહભરી વિનંતી કરી છે. મુખ્યમંત્રીએ રેલ્વેમંત્રીને જણાવ્યું છે કે ચાર ધામયાત્રાના આ યાત્રિકોએ કુદરતી આપત્તિની તારાજીમાં પ્રવાસનો બધો માલ-સામાન, ખાનગી વાહનો અને રેલ્વે ટીકીટો સહિત સર્વસ્વ ગૂમાવી દીધું છે, ઘણા યાત્રિકો પાસે હવે નાણાં પણ નથી. આવી નિસહાયતાની કમનસીબ સ્થિતિમાં ગુજરાતમાં પરત આવવા પરિવહનની તાકીદની વ્યવસ્થારૂપે રેલ્વેની વ્યવસ્થા માનવતાના ધોરણે કરવી એ સમયની માંગ છે.



પાલનપુર હાઈવે પર આવેલ એસ.ટી. વર્કશોપમાં પહેલા વરસાદમાં જ પાણી ભરાઈ જતાં વર્કશોપમાં કામ કરતા કર્મચારીઓની હાલત કફોડી બની ગઈ હતી. એસ.ટી. તંત્રના સત્તાધિશોને આ અંગે અનેકવાર રજુઆત કરવા છતાંય પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. જેથી કર્મચારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# દાંતીવાડા પંથકમાં વરસાદને પગલે ખેતીના પાકને ભારે નુકશાન

### સરકાર તાત્કાલિક ચોક્કસ ટીમ બનાવી નુકશાનનું સર્વે કરાવી પેકેજ જાહેર કરવાની ખેડૂતોની માંગ



(તસવીર : પ્રવિણ પટેલ)

દાંતીવાડા, તા.૧૯

દાંતીવાડા પંથકમાં બે દિવસ પહેલા જોરદાર પવન અને વાવાઝોડા સાથે પડેલા વરસાદને પગલે પોતાના ઉભા અને કાપેલા પાકોને ભારે નુકશાન થવા પામ્યું છે. પરિણામે ખેડૂતો પાયમાલ થયા છે. હજારો હેકટર જમીનમાં વાવેલ પાક નિષ્ફળ થઈ ગયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચાલુ વર્ષે ૧૫ દિવસ પહેલા ભારે તોફાન સાથે દાંતીવાડા પંથકમાં એન્ટ્રી કરતા છેલ્લા ત્રીસ વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. અને હવામાન ખાતાના નિષ્ણાંતોના ગણિતને ઉંધુ ઠેરવી દીધું છે. મેઘરાજાએ સિઝન કરતા ૧૫ દિવસ પહેલા ભારે ગાજવીજ સાથે આગમન કર્યું હતું અને દાંતીવાડા પંથકની ૨૫૯૫૦ હેકટર ખેતીલાયક જમીન પર ખેડૂતોએ બાજરી, મગફળી, ગવાર શાકભાજી અને ઘાસચારો ઉગાડયો હતો જેને ભારે નુકશાન થવા પામ્યુ છે. દાંતીવાડા પંથકના ખેડૂતો મુખ્યત્વે કૃષિ અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા છે. આવા સંજોગોમાં વરસાદે ભારે તોફાન સાથે પંથકમાં તબાહી મચાવતા ખેડૂતો પાયમાલ થઈ ગયા છે.

ખેડૂતો દ્વારા ચાલુ વર્ષે ૨૫૯૫૦ હેકટર ખેતીલાયક જમીન વિસ્તારમાં ૮૯૫૦ હેકટરમાં ભાજી, ૧૪૬૦ હેકટરમાં મગફળી, ૫૪૦ હેકટરમાં ગવાર, ૧૫૦૦ હેકટરમાં શાકભાજી અને ૩૫૦૦ હેકટરમાં ઘાસચારો વાવ્યો હતો. જે વરસાદના સતત ચાલુ રહેવાથી નષ્ટ થઈ ગયો છે. આ બાબતે ખેડૂતો સરકાર સમક્ષ તાત્કાલીક થયેલ નુકશાનનું ચોકકસ ટીમ દ્વારા સર્વે હાથ ધરી સ્પે. પેકેજ જાહેર કરવામાં આવે તેવી લાગણી સેવી રહ્યા છે.

# અમદાવાદમાં ૧૧મી સિનિયર નેશનલ સોફ્ટ ટેનિસનો પ્રારંભ

### દેશભરના ૨૧ રાજ્યોના ૫૦૦ ખેલાડી ભાઈ-બહેનો ભાગ લઈ રહ્યા છે : ગુજરાતની ભાઈ-બહેનોની ટીમ સેમીફાઈનલમાં

ગાંધીનગર, તા. ૧૯

સોફ્ટ ટેનિસ એસોસિએશન ઓફ ગુજરાતના ઉપક્રમે તાજેતરમાં અમદાવાદ સ્થિત મણીનગર ટેનિસ એકેડમી ખાતે ૧૧મી સિનિયર નેશનલ સોફ્ટ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશભરના ૨૧ રાજ્યોના ૫૦૦ થી વધારે ખેલાડી ભાગ લઈ રહ્યા છે.

અમદાવાદના મણીનગર ખાતે આવેલી ટેનીસ એકેડમીમાં ગુજરાત સોફ્ટ ટેનિસ એસોસીએશન આયોજીત ૧૧ નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપનું ઉદ્ઘાટન અમદાવાદ મ્યુનિસિપલ




કોર્પોરેશનના સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અધ્યક્ષ પદે એસોસીએશનના રાજુભાઈ પરમાર, અતિથિ વિશેષપદે અમદાવાદના પૂર્વ મેયર અસિત વોરા, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયાના ડાયરેકટર શ્યામ સુંદર અને એસોસીશનના જનરલ સેક્રેટરી જે.કે. ખુડઘરા ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ભારતભરના જુદા જુદા ૨૧ રાજ્યોમાંથી ખેલાડીઓ આવ્યા છે. જેમાં આજે આ ટૂર્નામેન્ટના પ્રથમ દિવસે ૧૨ થી વધારે મેચ યોજાઈ હતી. ગુજરાત અને તમિલનાડુની ભાઈઓની ટીમ વચ્ચે યોજાયેલી ક્વાર્ટર ફાઈનલ મેચમાં ગુજરાતની ટીમે ૨-૧ થી તામિલનાડુની ટીમને હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. જ્યારે ગુજરાતની બહેનોની ટીમે ક્વાર્ટર ફાઈનલમાં પંજાબની ટીમને ૨-૦ થી હરાવી સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે અને રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતના ખેલાડીઓ ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ગુજરાતના તમામ ખેલાડીઓને કોચ હસમુખ વેગડા અને વિકાસ ડોરિયાએ માર્ગદર્શન આપ્યું હતું એમ એસોસીએશનના સભ્ય યોગેશ મારૂ અને અનિકેત ખુડઘરાએ જણાવ્યુંહતું.

# પાલનપુરમાં આંગડીયા પેઢીમાં પૈસા ભરવા જતો શખ્સ લુંટાયો

પાલનપુર, તા.૧૯

પાલનપુરમાં આવેલ કિર્તી સ્તંભ વિસ્તારમાં આવેલ જયંતિ સોમા આંગડીયા પેઢીમાં ગતરોજ સાંજના સમયે રૂપિયા ૫ લાખની રકમ લઈ આંગડીયું કરવા આવેલ મનુભાઈ સોમાભાઈ ગોસ્વમી રહે શેરપુરા તે સમયે ચાલુ વરસાદી માહોલ હોવાથી બે અજાણ્યા શખ્સો તેમની આંખમાં મરચાની ભૂકી નાંખી નાણાં લઈ નાસી છુટયાનું આંગડીયા પેઢીની ઓફીસે જણાવતા તાબડતોબ પોલીસને જાણ કરાઈ હતી. દરમિયાન પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની ઝીણવટભરી તપાસ કરતા પોલીસ દ્વારા ખૂદ ફરીયાદીની જ



ઉલટ તપાસ કરતા તે પોતે જ આરોપી હોવાનું કબૂલી લેતા પોલીસ દ્વારા ગણત્રીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી નાંખવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર આ ઘટનામાં જો આંખમાં મરચું નાખવામાં આવ્યું હોય તો ભોગ બનનારની આંખો લાલ ચોળ હોય તેનાથી પીડા સહન ના થાય આથી ઉપરોકત બનાવ પ્રિ-પ્લાન હોવાનું માલુમ પડતા આકરી પૂછપરછ કરતા આરોપીએ જ રૂપિયા પાંચ લાખ તેના પુત્રોને અગાઉથી જ આપી દીધેલ. પોલીસે શેરપૂરાથી આ રકમ તેના નિવાસસ્થાનથી જપ્ત કરી ફરિયાદી જ આરોપી બનતા અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉચ્ચ અધિકારીઓની ટીમ ઉત્તરાખંડની તરફ રવાના

અમદાવાદ, તા.૧૯

ગુજરાત સરકારે આપત્તમાં ફસાયેલા ગુજરાતી યાત્રાળુઓની મદદ માટે રાહત કમિશ્નર અને અગ્ર સચિવ પૂનમચંદ પરમારના વડપણ હેઠળ એક ટીમ ઉત્તરાખંડ રવાના કરવાનો નિર્ણય કર્યો છે. આ ટીમમાં પરમાર સાથે અશ્વિની કુમાર, સંદીપકુમાર, સીનીયર ફોરેસ્ટ અધિકારી પંત તથા આઈપીએસ અધિકારીઓ ટીએસ બિસ્ટ તથા અન્ય પોલીસ અધિકારીઓ તથા એડીશનલ કલેક્ટર બીપીન ભટ્ટ વગેરે સાથે જનાર છે. આ ટીમને ઉત્તરાખંડમાં જઈ ત્યાંના વહીવટી તંત્રને ગુજરાત સરાકર દ્વારા કરવાની મદદ તથા ગુજરાતી યાત્રાળુઓના ખોરાક, દવાઓ, ટીકડી, ટ્રાન્સપોર્ટ પરત આવવાની વ્યવસ્થા વગેરે મદદરૂપ ભૂમિકા ભજવશે.

## શબ્દાવલી - ૫૦૯૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | |
| | ■ | ૫ | ૬ | | ■ | | ■ |
| ૭ | | | | ■ | ૮ | | ૯ |
| | ■ | ■ | ૧૦ | ૧૧ | | ■ | |
| ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | | ■ | |
| ૧૫ | | ૧૬ | ■ | ■ | ■ | ૧૭ | |
| ■ | ૧૮ | | | ૧૯ | ૨૦ | ■ | |
| ■ | ૨૧ | | ■ | ૨૨ | | ■ | |

### આડી ચાવી

૧. બહેન (૩)
૩. સત્તાની ડોર (૪)
૫. સાપનું ઘર (૩)
૭. આવક, રોજી (૪)
૮. અદશ્ય, ... થવું (૩)
૧૦. ભાગી છૂટવું, ... થઈ જવું (૩)
૧૨. પ્રતિષ્ઠા, આબરૂ (૨)
૧૪. ... પ્રેરક પ્રસંગ, હાસ્ય (૩)
૧૫. આશય (૩)
૧૭. જીવ, આત્મા (૨)
૧૮. વિલન (૫)
૨૧. પ્રથા, પ્રણાલી (૨)
૨૨. કરચોલી (૨)

### ઊભી ચાવી

૧. પરોપકાર, ઉપકાર (૬)
૨. શાંતિ (૩)
૩. એક આંખવાળો, કાણો (૨)
૪. ગાંધીજી માટે જવાન... કહેવાતું (૩)
૬. ઝીણી ઝરમર (૪)
૮. પ્રાર્થના, વિનંતી (૩)
૯. ભાગેડુવૃત્તિ (૬)
૧૧. રામજીભાઈનું નામ ધીરે ધીરે... થઈ જતું હોય છે (૨)
૧૩. કટોકટી (૪)
૧૬. ધન-સંપત્તિ, મિલ્કત (૩)
૧૯. કીર્તિ (૨)
૨૦. ચાવી, યુક્તિ (૨)

### શબ્દાવલી ૫૦૯૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઓડકાર (૪) સુથાર (૬) તરસ (૭) સંતાપ (૯) તમ (૧૧) રક્તવિકાર (૧૩) સમધી (૧૪) કરાળ (૧૫) વાઘા (૧૬) વરાળ (૧૮) લટ (૧૯) નર (૨૦) મોર

**ઊભી ચાવી :-** (૧) ઓતપ્રોત (૨) ડર (૩) કાસળ (૪) સુતા (૫) થાપ (૭) સંયુક્ત (૮) પરચો (૧૦) મઘમઘાટ (૧૧) રગ (૧૨) વિકરાળ (૧૩) સવાલ (૧૪) કરાર (૧૬) વન (૧૭) ઢોર

## શાળા પ્રવેશોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી ઉપલબ્ધ થાય તે માટે આર.ઓ. પ્લાન્ટની ભેટ આપવામાં આવશે. આ ઉપરાંત શહેરની બે શાળાઓમાં વોટર કુલર પણ આપવામાં આવશે. એકપણ બાળક શાળા પ્રવેશથી વંચિત ન રહે તે માટે પુરતી તકેદારી રાખવામાં આવશે. કલોલ, દહેગામ, માણસા અને પેથાપુર નગરપાલિકા વિસ્તારની શાળાઓમાં પણ પ્રવેશોત્સવ યોજવામાં આવશે. શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ દરમિયાન નાણામંત્રી નિતીન પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, મ્યુનિ કમિશનર પાડલીયા, અગ્રસચિવ રાજીવ ગુપ્તા, સ્થાનિક નગરસેવકો ઉપરાંત પ્રાથમિક શિક્ષણાધિકારી બહાદુરસિંહ સોલંકી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વિનયગીરી ગોસાઈ તેમજ શ્રી જાદવ સહીત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહી શાળાનું પગથિયું ચઢતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

## રાંધણગેસનો ભાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝીંકી દેવાતા આમ આદમીના બજેટને પણ માઠી અસર પડી છે. અગાઉ પણ રૂ. ૩નો ભાવવધારો કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા જી.એસ.પી.સી.ને સ્થાનિક ગેસનો પુરવઠો ફાળવવામાં આવતો નથી. હાઈકોર્ટના નિર્દેશના અંતે પણ ગુજરાતને સસ્તો ગેસ ફાળવવામાં આવતો નથી. જેના પરિણામે વારંવાર થતા ભાવવધારાના લીધે મધ્યમવર્ગને પણ આકરી મોંઘવારીમાં વધુ પીસાવાનો વારો આવ્યો છે. જી.એસ.પી.સી. દ્વારા પી.એન.જી. ગેસમાં પ્રતિ કયુબીક મીટર રૂ. ૪નો વધારો થતાં સ્થાનિક નગરજનોમાં ભાવવધારા સામે ઉગ્ર વિરોધ પ્રવર્ત્યો છે. નવો ભાવ વધારો આજથી અમલી બની જતા આમ નાગરિકોનું બજેટ ખોરવાઈ જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરી વિસ્તારમાં અંદાજિત ૪૦ હજાર જેટલા પી.એન.જી. ધારકો છે. જ્યારે દરરોજ ૨૫ હજાર કયુબીક મીટર રાંધણ ગેસનો વપરાશ થાય છે. આ હિસાબે શહેરીજનોએ દરરોજ રૂ. ૧ લાખનો આર્થિક ફટકો સહન કરવો પડશે. સી.એન.જી.ના ભાવમાં પણ પ્રતિકીલો રૂ.૨નો વધારો થતા સી.એન.જી. વાહનચાલકોમાં રોષ પ્રવર્ત્યો છે. સી.એન.જી. અને પી.એન.જી.ના ભાવ વધારા સામે સેકટરવાસીઓમાં ઉગ્ર વિરોધ પ્રવર્ત્યો છે. શહેરની ગૃહિણીઓ પણ ભાવવધારાથી વિશેષ ખફા છે.

ટચૂકડી જાહેર ખબર

**પ્રવેશ ચાલુ છે**
ધો.૧૧ આર્ટસ
(ધો.૧થી ૧૦ ગુજરાતી મીડીયમ)
**જયપ્રકાશ વિદ્યાલય**
સેક્ટર-૨૬, ગાંધીનગર
મો. : ૯૪૨૬૦ ૪૮૪૫૮

**COMPUTER CID**
આપના ઘર, ઓફિસ કે દુકાનમાં લેપટોપ, કોમ્પ્યુટરમાં ઓનલાઈન/ઓફલાઈન થતી કોઈપણ કામની જવાબદારી આપ ગમે ત્યારે અને ગમે તે જગ્યાએ સરળતાથી જાણી શકો છો. (રેકોર્ડ એન્ડ કંન્ટ્રોલ)
Mo. 90332 32163

IITE
INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
RamKrishna Paramhans Education Complex,
KH-Road, Sector-15, GANDHINAGAR-382016
**જોઈએ છે**
આઈઆઈટીઈમાં ITને લગતા કામકાજ માટે નેટવર્કીંગ તથા હાર્ડવેરનું કામ કરી શકે તેવા ઉત્સાહી અને યુવાન પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર કે જેઓ BE(EC), BE(IT), BE (કોમ્પ્યુટર), MCA અને M.Sc. (IT) પ્રકારનું શિક્ષણ ધરાવતા હોય અને અનુભવી હોય તેમણે અસલ પ્રમાણપત્રો સાથે તા. ૨૪/૬/૨૦૧૩ના રોજ ૧૧-૦૦ કલાકે રૂબરૂ મુલાકાત માટે ઉપરોક્ત સ્થળે હાજર રહેવું. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.
કુલસચિવ
આઈઆઈટીઈ

નમૂનો-ક
(જૂઓ નિયમ-૫)
**નોટીસ**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈ અનુસાર સરકારશ્રીના પંચાયત ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તા. ૩૦/૧/૧૯૭૮ના જાહેરનામા નં. જીએચ/વી-૨૦ / યુડીએ / ૧૧૭૭-૬૪૬(૨)/ક્યુ થી નગરપાલિકા વિસ્તારની હદને અધિનિયમની કલમ-૩(૧) હેઠળ 'વિકાસ વિસ્તાર' તથા અધિનિયમની કલમ-૬(૧) હેઠળ ''વિસ્તાર વિકાસ સત્તામંડળ' મુકરર કરેલ છે.

ગુજરાત સરકારશ્રીના તા. ૨૭/૯/૨૦૧૨ના હુકમ ક્રમાંક : વનમ / ૨૭૨૦૧૨/૧૨૦/લ થી ઈડરની મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવા અને સરકારશ્રીમાં મંજુરી માટે રજૂ કરવા અને મંજુરી મેળવવા સુધીની અધિનિયમ હેઠળની સંબંધિત તમામ કાર્યવાહી કરવા ઉક્ત અધિનિયમની કલમ-૧૦૯(૧) હેઠળ નગર નિયોજક, હિંમતનગરની હોદ્દાની રૂએ અધિકૃત અધિકારીશ્રી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૯(૨) હેઠળ સદરહુ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરી, સરકારશ્રીમાં સાદર કરેલ છે. અને અધિનિયમની કલમ-૧૩ની પેટા કલમ-૨ની જોગવાઈ હેઠળ નીચેની અનુસુચિમાં જણાવ્યા મુજબ દર્શાવેલ મુસદ્દો પ્રસિદ્ધ કરેલ છે.

સદરહુ અધિનિયમની કલમ-૧૩ની પેટા કલમ-૧ અન્વયે નીચે સહી કરનાર અધિકૃત અધિકારી અને નગર નિયોજક, હિંમતનગર નોટીસ આપી જણાવે છે કે, આ અધિસુચન સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયા તારીખથી બે માસની નિયત સમય મર્યાદામાં કોઈપણ જમીન માલિક અથવા અસર પામતી વ્યક્તિ પાસેથી આ દ્વિતિય મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તો તથા તેના અહેવાલને લગતા વાંધા સુચનો સત્તામંડળને / અત્રેને લેખિત રીતે મળે તેવા વાંધા સુચનો વિચારણામાં લેશે. અને તેની ગુણવત્તા ધ્યાને લઈ દ્વિતિય મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તોને અંતિમ સ્વરૂપ આપશે.

અનુસુચિ :

૧) ઈડર વિસ્તાર વિકાસ સત્તા મંડળની હદની દ્વિતિય મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરવા માટે કરેલ હયાત જમીન વપરાશ સર્વેની વિગતો દર્શાવતો નકશો (હયાત જમીન વપરાશ) તથા વિકાસ યોજનામાં આવરી લેવાયેલ વિસ્તારમાંની જમીનોનો જે ઉપયોગ કરવાની દરખાસ્ત હોય તેની વિગતો દર્શાવતો નકશો (સૂચિત જમીન વપરાશ)
૨) ઈડર વિસ્તાર વિકાસ સત્તા મંડળની હદની દ્વિતિય મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજનાની વિગતો સમજાવતો અહેવાલ.
૩) ઈડર વિસ્તાર વિકાસ સત્તા મંડળની હદની દ્વિતિય મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજનાની જોગવાઈઓના અમલ અંગે વિકાસ નિયંત્રણ વિનિમયોનો મુસદ્દો.
૪) ઈડર વિસ્તાર વિકાસ સત્તા મંડળની હદની દ્વિતિય મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજનાની વિસ્તાર વિકાસ સત્તામંડળ ઉપર મૂકેલ હોઈ જવાબદારી જે વિકાસના સમકક્ષ દ્વારા પહોંચી વળવા ધાર્યું હોય તે દર્શાવતું નિવેદન.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૦ અન્વયે ઉપર મુજબનું તમામ સાહિત્ય નીચે જણાવેલ કચેરીમાં તથા ઈડર વિસ્તાર વિકાસ સત્તામંડળ એટલે કે ઈડર નગરપાલિકા, ઈડરમાં રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય, કચેરીના સમય દરમિયાન જાહેર જનતાને જોવા સારૂ ખુલ્લુ મુકવામાં આવેલ છે.

**સ્થળ : હિંમતનગર**
**તા. ૧૮/૬/૨૦૧૩**

**અધિકૃત અધિકારી અને**
**નગર નિયોજક**
**હિંમતનગર**

સરનામું : નગર નિયોજકની કચેરી, બહુમાળી ભવન, ત્રીજો માળ, બી-બ્લોક, હિંમતનગર
**ક્રમાંક ના.માનિ/હિંમત/૧૩૪/૨૦૧૩**